RNI NO. GUJGUJ/2015/64872

# ધી ઓપન પેજ

SINCE - 1968

વિદ્યાર્થીઓનુ પોતાનું શૈક્ષણિક સામાયિક

EDITOR: ARCHIT LABHUBHAI BHATT

MONTHLY NEWS PAPER

Vol.No-2, Issue No-10 | Ahmedabad, Friday 05/05/2017 | www.theopenpage.co.in | Page -12 | Price: ₹30/- | Annual Subsription: ₹360/-

Place of Publication: Tripada Education Trust Madhuvrund Society, Ranna Park, Ghatlodia, Ahmedabad - 380061 • Phone No. 079-27621385/86

## આ અંકમાં શું વાંચશો?



વેકેશનની મજા સાથે આવતા વર્ષની થોડી પૂર્વ તૈયારી ૨



મમ્મી આજે હું કાગડો છું 3



લખ્યા બારું (બહાર)ની વાર્તા ૪




તમારું સામાન્યજ્ઞાન ચકાસો ૫



મોજાંની ઇયળ ૬-૭

# સંસ્કારોનું સિંચન કરનાર વ્યક્તિ એટલે માતા



*"જનની જોડ સખી નહીં જડે રે લોલ",*
*"અર્પી દઉં સો જન્મ એવડું મા તુજ લહેણું"*
*"માતૃદેવો ભવ।"*
*"મીઠા મધુ ને મીઠા મેહુલા રે લોલ",*
*"એથી મીઠી મોટી માત રે",*
*"જનનીની જોડ સખી નહિ જડે રે લોલ"*
*"મા તે મા બીજા બધાં વગડાના વા"*
*"ગોળ વિના મોળો કંસાર",*
*"માતા વિના સૂનો સંસાર".*
*"ઘડો ફૂટે રઝળે ઠીકરી, તેમ માતા વિના દીકરી"*
*"ગંગાના નીર તો વધે ઘટે રે લોલ",*
*"સરખો એ પ્રેમનો પ્રવાહ રે"*
*"જનનીની જોડ સખી નહિ જડે રે લોલ."*

"जननी जन्मभूमिश्च स्वर्गादपि गरीदचि"
"૧૦૦ શિક્ષક = ૧ માતા".

કવિઓએ અને લેખકોએ પણ પોતાની કૃતિઓમાં માતાનો અનેરો મહિમા વર્ણવ્યો છે.

વેદમંત્રોમાં માતા પિતા, ગુરૂ અને અતિથિને દેવ ગણવામાં આવ્યાં છે. એમાં સૌ પ્રથમ ઉલ્લેખ માતાનો કરવામાં આવ્યો છે.

તેને અનુસરીને આજે પણ આપણે "માતૃ દેવો ભવ। ને ભૂલી શકતા નથી. આ સંસારમાં આપણાં સૌ સગા હશે પણ એમાંનું એક પણ સગું માતાની તોલે આવી શકે નહિ.



હું મારી મા ની વાત કરું તો એ ફક્ત જન્મદાત્રી જ નથી પરંતુ મારામાં સારા સંસ્કારોનું સિંચન કરનાર શિક્ષક છે. મારી મા હંમેશા મને રામાયણ, મહાભારત, સત્યતા, નિડરતા, પ્રામાણિકતા, નેતૃત્વ, પશુ-પક્ષીઓની બોધવાર્તાઓ કહેતા અને મારું જીવન ઉન્નત બનાવવા માટે મારી મા એ મહત્ત્વનું યોગદાન આપેલ છે. આજે પણ હું ક્યાંક મુશ્કેલીમાં ઊભી હોઉં તો મારી મા જ મને રસ્તો શોધી આપે છે.

વનરાજને ગુણસુંદરીએ, શિવાજીને જીજાબાઈએ, ગાંધીજીને પૂતળીબાઈએ, રાજા સિદ્ધરાજને માતા મિનળદેવી, ભગવાન કૃષ્ણને માતા જશોદા, ભગવાન રામ શ્રી ને માતા કૌશલ્યા વગેરે મહાન વ્યક્તિઓ, રાજાઓ અને ભગવાનને પણ માતા એ સંસ્કારનું સિંચન કરીને જગતમાં તેમના નામ રોશન કરેલ છે.



માતૃપ્રેમ માત્ર મનુષ્ય જાતિમાં જ જોવા મળે છે એવું નથી. પક્ષીઓ, પ્રાણીઓ પણ પોતાના બચ્ચાંને ચાહે છે. ગાય તેના વાછરડાને, વાંદરી પોતાના બચ્ચાંને શરીરે વળગાડીને, કાંગારુ તેના બચ્ચાંને વળગાડીને, તેમનું જનત કરે છે. પક્ષીઓ પણ ચણ લાવીને પોતાના બચ્ચાંની ચાંચમાં મૂકીને ખવડાવે છે. પોતાના બચ્ચાં માટે એક એક તણખલૂં લાવીને માળો બનાવે છે. અને પોતાના બચ્ચાંને સુરક્ષિત રાખે છે.

આ જગતમાં મા કોને વહાલી ન હોય ? બાળકને સૌથી વધુ નિકટ પરિચય માતાનો જ હોય છે. માતા પોતાના બાળકને પિતા કરતાં નવ માસ પહેલાં જાણે છે. બાળકની સંવેદના, પ્રેમ પિતા કરતા પહેલાં માતાને સ્પર્શે છે. માતા હંમેશા પોતાના બાળકને સતત આર્શીવાદનો વરસાદ વરસાવતી રહે છે.

મારા જીવનનો એક અનુભવ જણાવવા માગું છું. મારો પુત્ર Engineering Collegeમાં ભણે છે. કોલેજથી આવતા વરસાદમાં ભિંજાઈ ગયો. ઘેર આવ્યા પછી પિતાશ્રીએ જણાવ્યું કે, નવાબને વરસાદમાં ભિંજાવવું ગમે છે ? ક્યાંક રોકાઈ ગયો હોય તો ? એમ કહીને ઠપકો આપ્યો. ભાઈની દીદી તરત જ દોડતી આવીને જણાવે છે કે પપ્પા એ તો સ્ટાઇલમાં પલળીને આવ્યો! અને મકાઈ ડોડો પણ ખાતો, અને મોજ-મસ્તી કરતો આવ્યો હશે!

અને ભાઈની મા આવીને જણાવે છે કે ઓ હો હો..શું એક તો ભિંજાઈને આવ્યો છે? ટોવેલ આપવાના બદલે કચ કચ કરો છો ? હે ભગવાન! તારે વરસાદને થોડોક સમય રોકી રાખવો તો ને? મારો દીકરો ભિંજાઈ ગયો અને બિમાર પડશે.

આ માતૃત્વ છે.

દેવો હંમેશાં માનવજાતિ પર ઈર્ષ્યા કરે છે. કારણ કે માનવજાત એ માતાના ધાવણ ધાવ્યા છે. દેવોને બધું જ સુખ મળ્યું છે, પણ માતાના ધાવણનું સુખ નથી મળ્યું!

જગતની દરેક માતાને સંદેશ છે કે તમારી દરેક દીકરીને ભણાવજો. સમાજમાં સન્માન અને સ્વમાન માટે કન્યા કેળવણીનો વ્યાપ વધારજો. ભણેલી દીકરી હંમેશાં બે કુળને તારે છે. શ્વસુર પક્ષ અને પિયર પક્ષ.

મારા મંતવ્ય પ્રમાણે બાળકનો સર્વાંગી વિકાસ માતા જ કરે છે. દરેક બાળકમાં સુટેવો, કુટેવો, અલગ અલગ હોય છે. દરેક બાળક પ્રકૃતિ મુજબનું નથી હોતું. માટે મા બાળકને સંપૂર્ણ રીતે સમજે. દેખાદેખી કરીને ટ્યૂશન કલાસીસ, ખાનગી ટ્યૂશનમાં ન મોકલે. દેખાદેખી કરીને બાળકને ટ્યૂશનમાં ધકેલવાનું બંધ કરે. દરેક માતા પોતાના બાળકને ભણાવે અને પોતે પણ ભણે. જેથી આર્થિક બોજો પણ ઘટશે. અને બાળકના પરિણામમાં પણ સુધારો આવશે. મા બાળકના કાર્યની પ્રશંસા કરી આત્મવિશ્વાસ વધારે.

મા તે મા માની તોલે જગતની કોઈ જ ચીજ ન આવે. સ્વર્ગનું સાચું સુખ માતાના ચરણોમાં જ રહેલું છે.

અંતે ધી ઓપન પેજનો આભાર માનું છું કે મને મારી મા વિશે લેખ લખવાની તક આપી, અને મારી મા વિશે વિચારવા અને લખવા માટે પ્રેરિત કરી.



**સથવારા નિમિષા**
**આચાર્ય**

## મધર્સ ડે

ચાલો, મે મહિનાના બીજા રવિવારે દુનિયાભરમાં ઊજવાતાં વર્લ્ડ મધર્સ ડે વિષે કેટલીક ઐતિહાસિક વિગતો જાણી લઈએ. હાલના સમયમાં માતૃત્ત્વના સન્માન માટે ઉજવવામાં આવે છે. હાલના સમયમાં ઉજવાઈ રહેલા આ દિવસનો શ્રેય બે સ્ત્રીઓને જાય છે. જુલિયા વર્ડ અને અન્ના જાર્વીસ કે જેમણે અમેરિકામાં આ સંસ્કૃતિની સ્થાપના કરવામાં ઘણો મોટો ફાળો આપ્યો છે. ૧૮૭૦ની આસપાસ જુલિયા વાર્ડ દ્વારા મધર્સ ડે ની ઉજવણીની શરૂઆત થઈ, જે બોસ્ટનમાં ૧૦ વર્ષ સુધી એમના નેજા હેઠળ સતત ચાલતી રહી. તો વળી, બીજા માહિતગારોને આધારે ૧૮૦૦ની સાલના પાછળનાં વર્ષોમાં જુલી કલ્હોઉને અલ્બી ઓન અને મિશિગનમાં મધર્સ ડે ની શરૂઆત કરી હતી. ૧૯૦૭માં અન્ના જાર્વીસ પોતાની માતાની યાદગીરી રૂપે અંગત રીતે મધર્સ ડેની ઉજવણી શરૂ કરી હતી. ૧૯૧૨માં મધર્સ ડે આંતરરાષ્ટ્રીય સંસ્થા સ્થાપવામાં આવી. જેમણે બીજા દેશોમાં આ દિવસે રજા અંગે જાગૃતિ ફેલાવી ત્યારબાદ આ ઉજવણીએ જોર પકડ્યું. આ ઉપરાંત આ દિવસ વિશ્વભરમાં જુદા જુદા દિવસે ઉજવાય છે. માતૃત્વને વધાવવા માટે ઘણા રસ્તાઓ અપનાવાય છે. પણ અન્ના માર્વિસ પ્રમાણે વ્હાઈટ કાર્નેશન એ મધર્સ ડેનું સંકેત છે. આંતરરાષ્ટ્રીય મધર્સ ડે માટેની સમાધિમાં સચવાયેલું માતૃત્વને અર્પણ કરવામાં આવે છે. જેની પાછળનો હેતુ માતૃત્વને વૃદ્ધિ કરવાનો અને વિકસાવવાનો છે.

પણ શું આ એક જ દિવસે આપણી માતાનો ઋણ અદા કરી શકીએ ? શું આ એક જ દિવસ છે, જ્યારે આપણે આપણી માતાના અપાર પ્રેમનું અભિવાદન કરી શકીએ ? આ પ્રશ્નોના ઉત્તરો મારા માટે પણ એટલા જ જટિલ છે. પણ હા, એટલું આપણે સૌ જાણીએ છીએ કે આપણી માતા ના અઢળક પ્રેમ અને હૂંફ આગળ આવા એક દિવસની ઉજવણી ઘણી નાની છે. **રાઠોડ ધવલ, રોઝરી સ્કૂલ**

# વેકેશનની મજા સાથે આવતા વર્ષની થોડી પૂર્વ તૈયારી

પરીક્ષા પછી વેકેશન પડશે એમ વિચારીને જ બાળકોના મુખ પર સુંદર હાસ્ય આવી જાય છે. મમ્મી-પપ્પા આપણે આ વેકેશનમાં ક્યાં ફરવા જઈશું ? કેટલા દિવસ જઈશું ? વગેરે વગેરે જેવા સવાલો બાળકો પરીક્ષા પહેલાં જ માતા-પિતાને પૂછવાના ચાલુ કરી દે છે. ઘણા બાળકો તો વેકેશન પડશે એ વિચારીને પરીક્ષાની તૈયારી પણ હોંશે હોંશે કરતા હોય છે અને ઘણીવાર તો તેઓ વાંચતા વાંચતા સપનામાં સરી પડે છે કે આવનારા વેકેશનમાં તેઓ ક્યાં ફરવા ગયા છે, વેકેશનમાં આખો દિવસ દોસ્તો જોડે કેવી રીતે વિતાવવાના છે? શું રમતો રમશે? વગેરે વગેરે.

વેકેશન પડતાં જ બાળકો તો બસ આખો દિવસ તોફાન, મસ્તી, ધમાચકડી અને રમત-રમત ને બસ બાળકો રમવામાં એટલા મશગૂલ થઈ જાય છે કે તેમને આ ખરા ઉનાળાનો તડકો પણ નથી નડતો હોતો કે ના એમને ભૂખ લાગતી હોય છે. ચોપડાઓ તો પરીક્ષા પછી મમ્મી ઠેકાણે મૂકે તો છે. બાકી એમને એ ચોપડાઓની પણ કંઈ જ પડી નથી હોતી. બાળકો વેકેશનની તો જાણે રાહ જોઈને, બેઠા હોય તેમ તેમને આખો દિવસ રમ્યા હોય તો પણ ઓછું જ પડતું હોય છે. મમ્મીઓએ બૂમો પાડી પાડીને બોલાવવા પડે છે.



વેકેશનના એક અઠવાડિયા સુધી જ આ બધી પ્રક્રિયા ચાલે. ત્યાર બાદ તો મમ્મીએ નક્કી કરી જ રાખ્યું હોય કે આ વેકેશનમાં ક્યા કયા કોર્સ કરવાના છે. બાળકનું મન હોય કે ના હોય પરંતુ તેને આ કરવું પડે. મમ્મીએ ચિત્રના ક્લાસ, સ્કેટીંગ ક્લાસ, સ્વીમિંગના ક્લાસ કરાટે ક્લાસ વગેરેમાંથી કંઈક તો તેમના માટે નક્કી કરી જ લીધું હોય. ત્યારબાદ ફરીથી શાળાના કાર્યક્રમની જેમ બાળકને રજામાં પણ કાર્યક્રમ મળી જાય છે.



સવારે ઊઠીને થોડીવાર રમવા જવાનું એ પછી કાં તો સવારે કાં તો સાંજે ગમે તે એક ક્લાસમાં, જવાનું હોય. બપોરે રોજ રોજ તડકામાં રમીને માંદા પડવું છે. એમ કહી બપોરે બાળકોને સૂવડાવી દેવાના, પણ બાળકો સૂવે તો એ બાળકો ના કહેવાય. મમ્મી કે ઘરના મોટાઓ સૂઈ જાય એટલે તેઓ ઘરમાં પણ કંઈ ને કંઈ રમત તો શોધી જ કાઢે. એમાં પણ મમ્મી પાછા એમ કે વેકેશનમાં હવે થોડીવાર ભણવા બેસો તો સારૂ કહેવાય આ વાત સાથે તો બાળકો, હું પણ મમ્મી સાથે સહમત થઈશ. આખો દિવસ આપણને આપણા મનગમતા તોફાનો કરવા મળતા હોય તો તેની સાથે સાથે એકાદ કલાક તો ભણી જ લેવું જોઈએ.

આજુબાજુનાં આપણાથી આગળના વર્ષમાં ભણતા આપણા મિત્રોના ચોપડા આપણે જોઈ લેવા જોઈએ કયા વિષયોનો ઊમેરો થવાનો છે ? તે નવા વિષયમાં શું આવવાનું છે ? તેમાં તમને શું ગમે તેવું છે. જેનાથી આપણું માઈન્ડ નવા અભ્યાસક્રમ માટે તૈયાર હોય આપણી વાંચવાની ટેવ પણ રોજ રોજ એકાદ કલાક અભ્યાસ કરવાથી કેળવાયેલી રહેશે. જે આપણને આગલા વર્ષમાં ખૂબ જ મદદરૂપ થશે.




વેકેશન પૂરૂ થતાં સુધીમાં તો તમારો કોર્સ પણ પૂર્ણ થઈ ગયો હોય અને તમે એક સારી પ્રવૃત્તિ પણ શીખી ગયા હોય. એ સાથે વાંચન પણ ચાલુ હોય એટલે નવા અભ્યાસક્રમથી તમે અવગત પણ થઈ ગયા હોય.

આ બધી પ્રવૃત્તિઓ સાથે વચ્ચે થોડા દિવસ પાછું તમે ફરવા પણ ગયા હોવ અને ત્યાં તો તમે અને તમારી મસ્તીએ માજા મૂકી હોય. આમ સુંદર રીતે તમે તમારું વેકેશન પૂર્ણ કર્યા બાદ શાળા ખુલવાનો સમય પણ આવી જ પહોંચ્યો. ફરી પાછું એક નવું વર્ષ અભ્યાસ માટે તમારી રાહ જોઈ રહ્યું છે.

ખૂબ સુંદર રીતે વેકેશનની રજાઓની મજા માણો પણ સાથે પૂરતી સાવચેતી પણ રાખજો.




જ્યોતિ પરમાર
'ધી ઓપન પેજ'



# રવિન્દ્રનાથ ટાગોર

રવિન્દ્રનાથ ટાગોરનો જન્મ ૭મે ૧૮૬૧માં થયો હતો. તેઓ ગુરૂદેવ તરીકે પણ ઓળખાય છે. રવિન્દ્રનાથ ટાગોર ખૂબ નાની વયથી જ કવિતા, વાર્તાઓ અને ત્યારબાદ નાટકો પણ લખ્યા. તેમણે પોતાની પહેલી કવિતા આઠ વર્ષની ઉંમરે લખી હતી. રવિન્દ્રનાથ ટાગોર એક પ્રસિદ્ધ કવિ, સંગીતકાર, કલાકાર નાટકકાર, શિક્ષાવિદ્ ઉપન્યાસકાર, રાષ્ટ્રવાદી સમાજ સુધારક અને બિઝનેશ મેનેજર પણ હતા. તેઓ સૌ પ્રથમ એશિયન હતા. જેમણે સાહિત્ય માટેનો નોબલ પારિતોષિક ૧૯૧૩માં મેળવ્યો હતો. ૮૧ વર્ષના જીવનકાળમાંથી તેમણે ૬૮ વર્ષ સાહિત્ય સર્જનને સમર્પિત કર્યા હતા. ઓગણીસમી સદીના અંત તેમજ વીસમી સદીની શરૂઆતમાં તેમણે બંગાળી તેમજ સાહિત્ય પર ક્રાંતિકારી પ્રભાવ પાડ્યો હતો.



બાર વર્ષની ઉંમરમાં રવિન્દ્રનાથ પિતાની સાથે ભારત ભ્રમણ પર નીકળ્યા. એમણે દેશ-વિદેશમાં સાંસ્કૃતિક એકતા તેમજ ભારતના ગૌરવના ગુણગાન કર્યા. તેમના ઘણા પ્રવાસ બિન ભારતીયોને તેમના સાહિત્યથી પરિચીત કરાવવા અને તેમના રાજકીય વિચારો પ્રસારવવા માટે હતા. તેમનુ આખુ જીવન સાહિત્ય કૃતિઓના લેખન, વિશ્વભારતી શાંતિ નિકેતનની સ્થાપના તેમજ પ્રેમ, સ્વતંત્રતા તથા શાંતિ સંદેશના પ્રચારમાં સમર્પિત રહ્યું. તેમણે વિશ્વયાત્રા દરમ્યાન શાંતિ તેમજ પ્રેમનો સંદેશો આપ્યો.

ગુરૂદેવના નામથી લોકપ્રિય થયેલા રવિન્દ્રનાથ એક બહુઆયામી તેમજ પ્રભાવશાળી વ્યક્તિ હતા. પોતાની સાહિત્ય કૃતિઓ તેમજ રાષ્ટ્રગાનના માધ્યમથી ભારતના સ્વતંત્રતા આંદોલનમાં પોતાનુ મહત્વનું યોગદાન આપ્યું. બંગાળી ભાષાની કવિતામાંથી પ્રથમ પાંચ કવિઓને ભારતનાં રાષ્ટ્રગીત તરીકે અપનાવેલ છે. ૨૪ જાન્યુઆરી ૧૯૪૭ના દિવસે ગણતંત્રમાં રાષ્ટ્રગીત તરીકે આ ગીતને સન્માનિત કરાયુ હતુ.

ગુરૂદેવ રવિન્દ્રનાથ વિશ્વની એવી એકમાત્ર વ્યક્તિ છે. જેમની રચના એક કરતા વધારે દેશના રાષ્ટ્રગીત તરીકે માન્યતા પામ્યા છે. તેમની અન્ય એક કવિતા "અમાપ શોનાર બાંગ્લા" બાંગ્લાદેશના રાષ્ટ્રગીત તરીકે ગવાય છે.

વૈધાનિક સુચનાઃ ધી ઓપન પેજ, મંથલી ન્યુઝ પેપરમાં પ્રકાશિત સામગ્રીમાં લેખકોના પોતાના વિચાર છે. સંપાદક તથા પ્રકાશક એ સાથે સહમત હોય તે જરૂરી નથી.
ધી ઓપન પેજની સમાચાર સંબંધિત બધા જ વાદ – વિવાદ પ્રકાશન તારીખથી ૩ (ત્રણ) માસની અંદર માત્ર અમદાવાદ ન્યાયક્ષેત્રમાં થઇ શકશે.

# મમ્મી, આજે હું કાગડો છું







ચાર વર્ષનો સોહન સ્કૂલથી આવ્યો પછી એનું ધ્યાન બીજી કોઈ વાતમાં નહોતું. એ આજુબાજુથી કાંકરા એકઠા કરતો હતો. આંગણામાં કાંકરાનો ઢગલો થઈ ગયો. એ બાથરૂમમાં ગયો. પ્લાસ્ટિકના મગમાં પાણી ભર્યું, મગ આખો ભરાઈ ગયો. એ માથું હલાવવા લાગ્યો, જાણે કશુંક બરાબર થયું નહોતું, એણે અડધાથી વધારે પાણી ઢોળી નાખ્યું. આંગણામાં આવ્યો. મગમાં એક પછી એક કાંકરા નાખવા લાગ્યો. પછી ધ્યાનથી મગમાં જુએ, આંગળી બોળીને પાણીનું લેવલ તપાસી લે. મમ્મી ગુસ્સે થઈ ગઈ, આ શું કરે છે, સોહન ?તારા હાથ તો જો! યુ આર અ ડર્ટી બોય !

સોહને જવાબ આપ્યો : 'ના...હું ડર્ટી બોય નથી, હું કાગડો છું ! મમ્મીને રસ પડ્યો. એણે સોહનને વહાલથી પૂછ્યું, શી વાત છે ? તું આજે સ્કૂલથી આવ્યો ત્યારથી આ કેવી રમત કરે છે ? સોહને કહ્યું : મમ્મી, આજે મેડમે છે ને તે કાગડાની વાર્તા કહી. થર્સ્ટી ક્રો ! કાગડાને બહુ તરસ લાગી હતી, પણ.... મમ્મીને એ વાર્તા યાદ હતી. એ પણ દીકરાની સાથે એક-એક કાંકરો પાણીથી અડધા ભરેલા મગમાં નાખવા લાગી. સારા નસીબે સોહનની મમ્મી સમજુ હતી. બે વયસ્કો અને બાળકો વચ્ચેનો તફાવત જાણતી હતી. બધાં બાળકો સોહન જેવાં નસીબદાર હોતાં નથી.

એક મમ્મી ઉત્તરાયણના બે દિવસ પહેલાં ઑફિસથી ઘરે આવી. એના બંને દીકરા ઘરમાં નહોતા. એ બંને દોસ્તોની સાથે કપાયેલા પતંગ પકડવા દોડાદોડી કરતા હતા. મમ્મીએ સ્કૂલ બેગ જોઈ. દીકરાઓએ હોમવર્ક કર્યું નહોતું. એણે 'સાઉટ' કરીને બંનેને ઘરમાં બોલાવ્યા, હોમવર્ક કેમ બાકી છે. એનો ઘાંટો સાંભળીને દીકરા થથરી ગયા, અમે... પતંગ.. ને, મમ્મી એટલા બધા પતંગ.. ક્રોધિત મમ્મીએ દીકરાઓના હાથમાંથી બધા પતંગો ઝૂંટવી લીધા ને ફાડી નાખ્યા. એ દિવસે પોતે કરેલા અઘટિત વર્તન માટે મમ્મી પોતાને જિંદગીભર માફ કરી શકી નહીં.

સાત વર્ષની રેણુને તાવ હતો. ડૉક્ટરે એને ઈન્જેકશન આપવાની તૈયારી કરી. રેણુ સમજી ગઈ. એ રડતી રડતી માને વળગી પડી. માએ પૂછ્યું, ઈન્જેકશન વિના ચાલશે નહીં ? પિતાજી બહાદુર હતા. એમણે પત્નીને કહ્યું, બાજુએ ખસ.. તારું કામ નહીં. પિતાએ દીકરીને જોરથી પકડી. રડતી-કકળતી રેણુને ડૉક્ટરે ઈન્જેકશન આપ્યું. એ સાંજે રેણુ અને એનો ચાર વર્ષનો ભાઈ રૂમ બંધ કરી રમતાં હતાં. રેણુએ ભાઈને કહ્યું, હું ડૉક્ટર છું. તને તાવ આવ્યો છે. તને સોય મારવી પડશે. ભાઈ પલંગ પર સૂતો તો ખરો, પણ સાચુકલું રડવા લાગ્યો. એ સાંભળીને મમ્મી આવી. જોયું તો રેણુ અણીવાળી પેન્સિલ ભાઈના પગમાં ઘોંચવા જતી હતી. આ શું કરે છે, રેણુ ? મમ્મી ગુસ્સે થઈ ગઈ. રેણુએ કહ્યું : મમ્મી તું અહીંથી ચાલી જા..તારું કામ નહીં......

નાની છોકરી ઢીંગલીને નવડાવે છે, એના વાળ ઓળી દે છે. ઢીંગલીના વાળ ખેંચાય છે તેથી એ રડે છે. છોકરી ઢીંગલીને હાથથી થપડાક ચોડે છે. અને પછી એને છાતી સાથે લગાવે છે. બાળકો એમની કલ્પનામાં જાતજાતનાં પાત્રો ઊભાં કરે છે. એમની સાથે વાતો કરે છે, ઝઘડે છે, ફરિયાદો કરે છે. એમાં કોઈ રાક્ષસ હોય છે, કોઈ પરી હોય છે, કોઈ પાળેલું જાનવર હોય છે. કોઈક ચાંદામામા સાથે પણ રમે છે. આ બાળકોની દુનિયા છે — ને એમાં ઘણું બધું બને છે.

એક નાનો દીકરો અને એના પપ્પા દરરોજ જીવડું-જીવડું રમે છે. એના પપ્પાએ ક્યારેક હાથની આંગળીઓથી દેડકું બનાવવાનું આવે છે, કયારેક માત્ર જીવડું દીકરો પિતાજી નારાજ હોય ત્યારે એમની સાથે અબોલા લે, પણ જીવડા સાથે બધી વાત કરે. એ વાસ્તવિક પપ્પાની અવગણના કરે, પણ એમનામાંથી પ્રગટતા જીવડાને પ્રેમ કરે.

બાળ માનસના અભ્યાસીઓ કહે છે તેને બાળક બે વર્ષનું થાય પછી પાંચ વર્ષની ઉંમર સુધી એના મનમાં એક કલ્પનાલોક ઊભો થાય છે. એ કલ્પનાલોકમાં જાતજાતનાં પાત્રો વિહરે છે. બાળકો એમની સાથે અજબ પ્રકારની નિકટતા અનુભવે છે. આ વય દરમિયાન બાળકોની વાસ્તવ અને કલ્પના વચ્ચેની સમજ ધૂંધળી હોય છે.

એક બોધ કથા :

એક વાર બધાં પ્રાણીઓ-પક્ષીઓ ભેગાં થયાં. એમને લાગતું હતું કે એમનાં બચ્ચાંઓ નવી દુનિયા સાથે તાલમેલ સાધી શકતાં નથી. એથી બચ્ચાંઓના સર્વાંગી વિકાસ માટે આધુનિક સ્કૂલ ખોલવામાં આવી. બચ્ચાંઓમાં બધા જ પ્રકારની શક્તિઓ ખીલે એ માટે વ્યાપક સિલેબસ તૈયાર કરવામાં આવ્યો. એક વર્ષ પછી રિપોર્ટકાર્ડ આવ્યા. પરિણામ નિરાશાજનક હતું. બાાળક સ્વિમિંગમાં ફર્સ્ટ હતું, પણ એ રનિંગમાં ખૂબ નબળું હતું. સ્કૂલ પૂરી થયા પછી એને ટ્રેનિંગ માટે ખાસ કોચિંગ આપવામાં આવ્યું હતું. દોડી દોડીને બતકના પગ ખલાસ થઈ ગયા, એથી એ હવે તરતાં પણ ભૂલી ગયું હતું. સસલું દોડવામાં નિષ્ણાંત હતું તો એ સ્વિમિંગમાં નાપાસ થયું હતું. ખિસકોલી ઝાડ ઉપર સડસડાટ ચડી જતી હતી પણ ઊડવાની બાબતમાં નાપાસ થઈ હતી. યાદ છે, બોધકથાઓનો ઉદ્દેશ કશોક બોધ આપવાનો પણ હોય છે ?

*વીનેશ અંતાણી*

*(દિવ્ય ભાસ્કરમાંથી સાભાર.)*

# અન્યને લઈને ઉડો



એક દિવસ કંઇક અજુગતુ થયુ. પક્ષી જગતમાં વાદવિવાદ થયો અને ઉંચે ઉડવાની હરીફાઇ થઇ. નાનાં નાનાં પંખીઓમાંથી ચકલી હિંમત કરી આગળ આવી અને મોટાં મોટા દિગ્ગજ પંખીઓમાંથી બધાએ ગીધને મોકલ્યો. ચકલી અને ગીધ વચ્ચે હરીફાઇ નક્કી થઇ. એવુ નક્કી થયુ કે જે સૌથી ઉંચે પહોંચશે એ વિજયી થશે અને એનો પક્ષ વિજયી

**'ટૂંકી વાર્તા'**

ગણાશે. ચકલી નાનકડી હતી. એને ખબર હતી કે એણે ખૂબ મહેનત કરવી પડશે. છતાં જીત શક્ય નથી. તો પણ એ પ્રયત્ન કરવા તૈયાર હતી. હરીફાઇ શરૂ થતાં જ ચકલી પૂરી તાકાત લગાવી ફરરર.. ફરરર.. કરતી ઉપર ઉડવા લાગી...પૂરી મહેનતથી પાંખો ફફડાવી એ ઉપર જતી હતી.ત્યાં તો એને બે કીડા દેખાયા જે ઉપરથી નીચે પડી રહ્યા હતા. ચકલીએ બન્ને કીડાને ઝીલી લીધાને ધીરે ધીરે ઉપર ઉડવા લાગી. બે કીડાનું વજન વધવાથી ચકલીને ઉડવામાં વધુ મહેનત પડતી હતી. પરંતુ એણે મહેનત ચાલુ જ રાખી ઉપર ઉપર ઉડતી ગઇ.

આ બાજુ હરીફાઇ શરૂ થતાં જ ગીધ તરત જ પોતાની મોટી મોટી પાંખો ફફડાવી બહુ ઉંચે સુધી પહોંચી ગયુ હતુ પરંતુ ત્યાં જ એક પર્વતની તળેટીમાં એને એક સડેલી લાશ દેખાઇ અને ગીધે વિચાર્યું કે લાવ જરાક લાશમાંથી માંસ ખાઇ લઉં પછી પાછું ઉપર જલદી પહોંચી જઇશ. ચકલી મને ક્યાં આંબી શકશે. ગીધ વળી નીચે આવી લાશ ખાવા બેઠું હરીફાઇ ભૂલી જ ગયું અને આ બાજુ ચકલી ધીમે ધીમે કરતી ખૂબ ઉપર પહોંચી ગઇ અને હરીફાઇ જીતી ગઇ. દૂરથી આ હરીફાઇ નિહાળનાર સંત બોલ્યા,

*ઉંચે ઉઠે ફિર ના ગિરે,*
*યહી મનુજ કો કર્મ,*
*ઔરન લે ઉપર ઉઠે*
*ઈસસે બડો ન ધર્મ.*

અર્થાત એકવાર ઉપર ઉઠી પછી ખરાબ કાર્ય કરી નીચે ન પડવુ જોઇએ એ જ માણસનું કર્મ છે. અને બીજાને સાથે લઇ પ્રગતિ કરવી સાચો ધર્મ છે. જે મનુષ્ય જીવનમાં જ્ઞાન-કર્મ-ધર્મના આચરણથી ઉંચાઇ પર પહોંચે સફળતા મેળવે છે તે મનુષ્યના પતન, નિષ્ફળતા પાછળ તેના કર્મ જવાબદાર હોય છે. જે શાંતિથી ધીમે ધીમે અન્યને મદદ કરતાં કરતાં અન્યને સાથે લઇ જીવનમાં જ્ઞાન-કર્મ-ધર્મ પથ પર ચાલતા રહે છે તેઓ સફળતાની ઉંચાઇઓને સ્પર્શી શકવામાં સફળ થાય છે.




**શૈલેષ સગપરીયા**
**લેખક, રાજકોટ**

## કાળા માથાના માનવીનો કુદરતને તમાચો

કુદરત નામનુ અજવાળુ
જે અંધારાને
નાથી નથી શક્તુ તેવી
ચાર દિવાલોમાં
બેઠા બેઠા મે
કાલિદાસ થવાના
અભરખે અભરખે
કર્યુ ઋતુરાજ વસંતનુ ગાન,
વાહ વાહના ઉદગારોથી
ભરીને હૈયુ બેઠો ત્યા તો
થયો મારો ઉપહાસ
પહોંચે ના રવિ ત્યા પહોંચેલા કવિ !!
આવી વસંત તો કાઇ હોય?
ને ગુસ્સે ભરાયેલા મે
દૂષણોની અગરબત્તીથી દેવાધી દેવ
ગ્લોબલ વોમિંગને ધૂપ આપીને !! !!
સનસનતો તમાચો માર્યો
પેલી કુદરતને

**જોષી નૈયા નાદ**



કોઇની ટીકા કરીએ ત્યારે આપણી ઓછી અક્કલ કે અજ્ઞાનતાનું માપ ન નીકળી આવે તેની ખાસ તકેદારી રાખવી જોઇએ. — **મોરારજી દેસાઇ**

# અગ્રે અગ્રે વિપ્ર નંદ સો કંદ દાઢી સો ભોથું

એક હતો બ્રાહ્મણ અને એક હતો બાવો.

બન્ને સાથે મુસાફરી કરવા નીકળ્યા પણ મુસાફરીમાં તેમના બધા પૈસા વપરાઈ ગયા. ઉનાળાનો વખત હતો ને ખરો બપોર થયેલો પણ પીવા માટે પાણી ક્યાંય ન મળે, ભૂખ પણ લાગેલી.

બેઉ ભૂખ્યા-તરસ્યા આગળ ચાલ્યા. રસ્તે એક વાણિયો મળ્યો. વાણિયો પણ તેમની માફક પૈસા વિનાનો અને ભૂખ્યો-તરસ્યો હતો.

ત્રણે જણાએ નક્કી કર્યું કે આપણી પાસે પૈસા તો નથી અને ભૂખ્યા રહેવાતું નથી તો ચાલો સાથે મળીને ગમે તે તરકટ કરીએ ને કંઈક ખાવા-પીવાનું શોધીએ. જે જડે તે સૌનું સરખા ભાગે, ચાલતા ચાલતા શેરડીનું ખેતર આવ્યું.

બ્રાહ્મણ કહે : ઊભા રહો. હું ખેડૂતને અષ્ટમપષ્ટમ ભણાવી શેરડી લઈ આવું છું.

બ્રાહ્મણ તો અંદર ગયો નારાયણ પ્રસન્ન થઈ ખેડૂતને આશીર્વાદ આપ્યા અને શેરડીનું દાન કેટલું પુણ્ય કમાવી આપે છે અને પરભવમાં કેટલો ફાયદો થશે તેની વાતો સમજાવવા મહેનત કરી.

પટેલ કહે : મહારાજ, મારે પરભવનું કોઈ પુણ્ય નથી જોઈતું. મારે થોડાં ભંડાર ભર્યા છે કે હું બીજાને દાન આપ્યાં જ કરું, બ્રાહ્મણ તો વીલા મોંએ પાછો આવ્યો.

બાવો કહે : વાંધો નહિ, એને આ ભવમાં જ ફાયદો થાય તેવી ચમત્કારી ભસ્મની લાલચ આપી શેરડી લઈ આવું છું.

બાવો તો ખેતરમાં જઈ અહાલેક કરીને ઊભો રહ્યો અને હવામાં હાથ ફેરવી ચમત્કાર કરીને ભસ્મ કાઢી બતાવી ખેડૂતને આપી.

ખેડૂત કહે : બાપજી મહારાજ, તમારી ચપટી ભસ્મને હું શું કરું ? મારા ચુલામાં રોજ રાખના મોટા ઢગલા નીકળે છે. એના કરતાં એમ કરો, તમે ચમત્કાર કરી હવામાંથી શેરડી જાતે જ કાઢીને લઈ લો ને.

બાવાજી પણ વીલા મોંએ પાછા આવ્યા.

હવે વાણિયાનો વારો આવ્યો. વાણિયાને ખ્યાલ આવી ગયો કે અહીંયા એમ કંઈ સહેલાઈથી શેરડી મળે તેમ નથી. ખેડૂતને બરાબર ગળે ઉતરે તેવું કોઈ ગતકડું કરવું પડશે.

વાણિયાએ રોફભેર ખેતરમાં જઈ ખેડૂતને કહ્યું : કાં પટેલ, આ શેરડી એમને એમ રાખવી છે કે ગોળ બનાવી વેંચવો છે ?

પટેલ કહે : આવો આવો શેઠ, શેરડી એમને એમ થોડી રાખવાની હોય. ગોળ લેવો હોય તો બોલો કેટલા ગોળનો ખપ છે ?

વાણિયો કહે : આમ તો સો મણ જોઈએ છે પણ ભાવ પોષાય એવો હોય તો બીજા પચાસ મણ પણ લઉં ખરો.

પટેલ કહે : એમ બોલોને. ચાલો કરીએ ભાવતાલ નક્કી.

પટેલ અને શેઠે તો વાતચીત કરી ભાવતાલ ઠેરવ્યા અને ગોળ તોલવાનો દિવસ પણ નક્કી કર્યો. બધું કર્યા પછી વાણિયાએ રજા લીધી પણ થોડુંક ચાલીને પાછો ફર્યો અને કહે : અરે પટેલ, આ તમારી શેરડીના રૂપ-રંગ જોઈ મેં સોદો તો નક્કી કરી નાખ્યો પણ શેરડીનો સ્વાદ કે મીઠાશ તો જોયાં જ નથી. શેરડી બરાબર મીઠી નહિ હોય તો ગોળમાં સ્વાદ ક્યાંથી આવશે ?

પટેલ કહે : એવું તે કંઈ હોય. મારી શેરડી તો આખા પંથકમાં વખણાય છે. આ થોડાંક સાંઠા લઈ જાવ અને ખાજો એટલે તમને ખાતરી થઈ જશે.

પટેલ તો ખેતરમાં જઈ સારા મજાના વીસ સાંઠા પસંદ કરી, વાઢીને વાણિયાને આપ્યા. વાણિયો મનમાં મલકાતો સાંઠા લઈને બહાર આવ્યો.

પછી તો ભાગ પાડવાનું આવ્યું. શરત પ્રમાણે સૌના સરખેસરખા ભાગ પાડવાના હતા. પણ વાણિયો બરાબર પાકો હતો. મનમાં કહે : આ શેરડી મારી ચાલાકી ને હોંશિયારીથી મળી છે. તમે લોકોએ તો કાંઈ કર્યું નથી તો ખરો ફાયદો તો મને જ થવો જોઈએ. હું થોડો મૂરખ છું કે હું માથાફોડ કરું ને ભાગીદારોને મફતમાં તાગડધીન્ના કરવા દઉં.

વિચાર કરવાનો ડોળ કરી વાણિયો કહે :

જૂઓ ભાઈ શાસ્ત્રમાં કહ્યું છે કે અગ્રે અગ્રે વિપ્રઃ માટે આપણે બ્રાહ્મણને આગળનો ભાગ આપવો જોઈએ.

એમ કહી વીસે સાંઠાના ઉપલા ભાગ કાપી કાપીને બ્રાહ્મણને આપ્યા. બ્રાહ્મણે તો રાજી થઈને પોતાનો ભાગ લઈ લીધો. પછી કહે : નંદ સો કંદ. નંદ એટલે વાણિયાને તો વચલો ભાગ આપવાનું શાસ્ત્રમાં કહ્યું છે. એમ કહી બધી શેરડીના વચલા કટકા પોતે લઈ લીધા.

પછી બાકી તો થાડિયાના ભાગ રહ્યા એટલે કહેઃ દાઢી સો ભોથાં, શાસ્ત્રમા વચન છે કે દાઢી એટલે બાવાજીને ભોથાં એટલે કે થડિયા દેવાં જોઈએ. બાવાજીએ પણ રાજીના રેડ થઈ પોતાનો ભાગ લઈ લીધો.

આવી રીતે વાણિયાએ આમ તો સરખા ભાગ કરી પોતે બરાબર વહેંચણી કરી છે એવો દેખાવ કર્યો અને બ્રાહ્મણ તથા બાવાજીને રાજી પણ રાખ્યા પણ શેરીડનો સૌથી સારો અને વધુ રસ વાળો ભાગ પોતે ગુપચાવી લીધો. પછી ત્રણે ભાગીદારો રાજીખુશીથી છૂટા પડી સૌ સૌના રસ્તે ગયા.



# લખ્યા બારું(બહાર)ની વાર્તા



એક હતો વાણિયો. વેપાર કરતો હતો પણ તેનામાં સમજણ ઓછી.

વાણિયાની નાની સરખી હાટડી હતી. હાટડીમાં ખારા દાણા, દાળિયા, મમરા, રેવડી ને એવી નાની નાની ચીજો રાખે અને વેંચે. બિચારો સાંજ પડ્યે માંડ માંડ પેટજોગું રળી ખાય. પણ કોક કોક વખત એવાં એવાં કામ કરે છે એને ભલો-ભોળો કહેવો, મૂરખ કહેવો કે ગાંડો કહેવો તેની કોઈને સમજ ન પડે.

એક વાર વાણિયાને હિસાબ કરતાં કરતાં બહુ મોડું થઈ ગયું. તે મોડી રાતે હાટડી બંધ કરી ઘેર જતો હતો ત્યારે તેને રસ્તામાં ચોર મળ્યા.

**વાણિયો ચોરને કહે :** અલ્યા, મોડી રાતે ઈ કોણ છે ?

ચોરો કહે : કેમ ભાઈ ? અમે તો વેપારી છીએ, આમ ટપારે છે શાનો ?

**વાણિયો કહે :** અલ્યા પણ અત્યારે મોડી રાતે ક્યાં ચાલ્યા ?

**ચોરો કહે :** જઈએ છીએ માલ ખરીદવા.

**વાણિયો કહે :** રોકડે કે ઉધાર ?

**ચોરો કહે :** રોકડે ય નહિ ને ઉધારે ય નહિ. અમે તો કોઈને પૈસા દીધા વિના માલ લઈએ છીએ.

**વાણિયો કહે :** ત્યારે તો તમારો વેપાર બહુ સારો. મને પણ તમારી સાથે લેશો ?

**ચોરો કહે :** ચાલને ભાઈ. તને ય તે શીખવા મળશે અને ફાયદો થશે.

**વાણિયો કહે :** એ ઠીક. પણ વેપાર કેમ કરવો એ તો સમજાવો.

**ચોરો કહે :** લે લખ કાગળમાં કે કોઈના ઘરની પછીતે.

વાણિયાએ તો ગજવામાંથી કાગળ કાઢી લખવાનું શરૂ કર્યું. કહે : લખ્યું, કોઈના ઘરની પછીતે.

**ચોરો કહે :** લખ, હળવે, હળવે કાણું પાડવું.

**વાણિયો કહે :** લખ્યું, હળવે હળવે કાણું પાડવું.

**ચોરો કહે :** ધીમે ધીમે ઘરમાં જવું.

**વાણિયો કહે :** લખ્યું, ધીમે ધીમે ઘરમાં જવું.

**ચોરો કહે :** લખ, જે જોઈએ તે ભેગું કરવું.

**વાણિયો કહે :** લખ્યું, જે જોઈએ તે ભેગું કરવું.

**ચોરો કહે :** ન ધણીને પૂછવું, ન ધણીને પૈસા આપવા.

**વાણિયો કહે :** લખ્યું, ન ધણીને પૂછવું, ન ધણીને પૈસા આપવા.

**ચોરો કહે :** લખ, જે મળે તે લઈને ઘરભેગા થઈ જવું.

**વાણિયો કહે :** લખ્યું, જે મળે તે લઈને ઘરભેગા થઈ જવું.

વાણિયાએ તો ચોરોએ જેમ લખાવ્યું તેમ બધું બરાબર લખ્યું ને લખીને કાગળ ખિસ્સામાં નાખ્યો. પછી બધા સાથે મળીને ચોરી કરવા લાગ્યા.

ચોરો એક ઘરમાં ચોરી કરવા ગયા તો વાણિયો તેની બાજુવાળાના ઘરમાં ચોરી કરવા ગયો. ચોરો તો ફટાફટ પોતાનું કામ પતાવી રવાના થઈ ગયા પણ વાણિયાને જરાય ઉતાવળ નહિ. તેણે તો શાંતિથી પોતાના ખિસ્સામાંથી કાગળ કાઢી દીવાસળીનું અજવાળું કરી બરાબર ધ્યાનથી વાંચ્યો, તેમાં લખ્યું હતું :

કોઈના ઘરની પછીતે
હળવે હળવે કાણું પાડવું
ધીમે ધીમે ઘરમાં જવું
જે જોઈએ તે ભેગું કરવું
ન ધણીને પૂછવું ન ધણીને પૈસા આપવા
જે મળે તે લઈને ઘરભેગા થઈ જવું.

વાણિયા તો બરાબર કાગળમાં લખ્યા પ્રમાણે કર્યું. પહેલા કાણું પાડ્યું. પછી હળવે હળવે ઘરમાં ગયો. પછી એક કોથળો શોધી તેમાં પિત્તળના નાના મોટા વાસણો શાંતિથી ભરવા લાગ્યો. પણ થયું એવું કે પિત્તળનું એક મોટું તપેલું કોથળામાં નાખતી વખતે તેના હાથમાંથી પડી ગયું તેના ધબાકાનો મોટો અવાજ થયો.

વજનદાર વાસણ પડવાનો અવાજ સાંભળી ઘરના બધા માણસો જાગી ગયા. રસોડામાં જઈને જૂએ તો વાણિયો ચોરી કરતો હતો. બધાંએ ચોર, ચોરની બૂમરાણ મચાવી તેને પકડી લીધો ને પછી મારવા લાગ્યા.

વાણિયો તો વિચારમાં પડી ગયો. પણ માર ખાતાં ખાતાં પોતાના ખિસ્સાનું કાગળિયું કાઢી જેમ તેમ કરી એક વાર વાંચી લીધું. પછી તો તે જોશમાં આવી ગયો. બધા તેને મારે તેમ કૂદતો જાય ને જોર જોરથી બોલતો જાય.

એ ભાઈ, આ તો લખ્યા બારું (બહારનું)
એ ભાઈ, આ તો લખ્યા બારું (બહારનું)

ઘરના માણસો આ સાંભળી વિચારમાં પડી ગયા ને મારતા અટકી જઈ કહે : એલા આ શું બોલે છે ?

વાણિયો કહે : ત્યારે હું કંઈ ખોટું કહું છું ? લ્યો આ કાગળ અને વાંચો. એમાં ક્યાંય માર ખાવાનું લખ્યું છે ? આ તો તમે લખ્યા બારું (બહારનું) કરો છો.

પછી તો ઘરના માણસોએ કાગળ વાંચ્યો ને સમજી ગયા કે આ ભાઈમાં તો મીઠું ઓછું છે અને કોકનો ચડાવ્યો ચડી ગયો છે. એટલે વાણિયાનો હાથ પકડી ઘરની બહાર કાઢી મૂક્યો.

હું સફળ થઇશ કે નહીં, અને આ ત્રણે પ્રશ્નનું નિરાકરણ કરતા જવાબ મળી જાય, તો જ આગળ વધો. - **ચાણક્ય**

# તમારું સામાન્યજ્ઞાન ચકાસો

૧. અમદાવાદમાં સાબરમતી નદી પરની વિશાળ યોજના રીવર ફ્રન્ટની કુલ લંબાઈ કેટલી છે ?

૨. અમદાવાદ હવાઈ મથકને ક્યારથી આંતરરાષ્ટ્રીય હવાઈ મથકનો દરજ્જો મળ્યો ?

૩. ગુજરાતમાં કુલ કેટલી મોટી નદી આવેલી છે ?

૪. ગુજરાતનું સૌથી મોટું કૃત્રિમ સરોવર કયું છે ?

૫. અમદાવાદમાં સૌપ્રથમ આયુર્વેદિક કોલેજની સ્થાપના કોણે કરી હતી ?

૬. અવકાશ સંશોધન ક્ષેત્રે કાર્યરત સ્પેસ એપ્લિકેશન સેન્ટર (એસએસી) ગુજરાતના ક્યા શહેરમાં આવેલું છે ?

૭ કઈ ગુજરાતી મહિલા કર્ણાટકના રાજ્યપાલ બન્યા હતા ?

૮ એલ.ડી. એન્જિનિયરીંગ કોલેજનું આખું નામ શું છે?

૯. એએમએ, આઇઆઇએમ અને પીઆરએલ કયા મહાનુભાવની દીર્ઘ દ્રષ્ટિનું પરિણામ છે ?

૧૦. ગુજરાત રાજ્યના ઉદ્‌ઘાટક કોણ હતા ?

૧૧. ગુજરાતના પ્રથમ ભૌતિક વૈજ્ઞાનિક કોણ હતા ?

૧૨. ગુજરાતના કયા બંધને મેગા પ્રોજેક્ટ તરીકે ગણવામાં આવે છે ?

૧. ૧૨.૫ કિ.મી. ૨. ૨૬ જાન્યુઆરી, ૧૯૯૧ ૩. સાત ૪. સરદાર સરોવર ૫. ભિક્ષુ અખંડાનંદ ૬. અમદાવાદ ૭. કુમુદબેન જોષી ૮. લાલભાઈ દલપતભાઈ કોલેજ ઓફ એન્જિનિયરીંગ ૯. ડો. વિક્રમભાઈ સારાભાઈ ૧૦. રવિશંકર મહારાજ ૧૧. ડો. વિક્રમ સારાભાઈ ૧૨. ઉકાઈ બંધ












## યોગ-૧૧ બ્રહ્મમુદ્રાસન


બ્રહ્માના ચાર મોઢા હતા, આ આસનમાં આપણે આપણી ડોકને ચારેબાજુ લઈ જઈએ છીએ. તેથી આને બ્રહ્મ મુદ્રાસનના નામથી જાણવામાં આવે છે.

**વિધિઃ—**

- જે આસનમાં સુખનો અનુભવ હોય તેવું આસન પસંદ કરી (પદ્માસન, સિધ્ધાસન કે વજ્રાસન) કમર અને ડોકને સીધી રાખીને ધીરે ધીરે ડાબી બાજુ લઈ જવામાં આવે છે. થોડાંક સેકંડ જમણી બાજુ રોકાય છે, ત્યારબાદ ડોકને ધીરે ધીરે ડાબી બાજુ લઈ જવામાં આવે છે.
- થોડાંક સેકંડ સુધી ડાબી બાજુ રોકાઈને જમણી તરફ લઈ જવામાં આવે છે, પછી પાછા ફર્યા પછી ગરદનને ઉપરની તરફ લઈ જવામાં આવે છે, ત્યારબાદ નીચેની તરફ લઈ જવામાં આવે છે. આ રીતે આ એક ચક્ર પૂરું થયું. આપણી સુવિધા મુજબ આ ચક્ર ચારથી પાંચ વખત કરી શકો છો.
- જેમણે સર્વાઈકલ સ્પોંડોલાઈટિસ કે થાઈરાઈડની સમસ્યા છે તેઓ દાઢીને ઉપરની તરફ દબાવે. ગરદનને નીચેની તરફ લઈ જતી વખતે ખભા ન નમાવે. કમર, ગરદન અને ગળામાં કોઈ ગંભીર રોગ હોય તો યોગ ચિકિત્સકની સલાહ લઈને જ આ આસન કરો.

**લાભઃ**

જે લોકોને સર્વાઈકલ સ્પોનડોલાઈટિસ, થાઈરાઈડ ગ્લાંટસની બીમારી હોય તેમને માટે આ આસન ફાયદો આપનારું છે. તેનાથી ગરદનની નસો લચીલી અને મજબૂત બને છે. આધ્યાત્મિક દ્રષ્ટિએ પણ આ આસન લાભદાયક છે.



## ચિત્રકલા



**શ્લોક પટેલ**
રંગોળી ઇન્ટરનેશનલ સ્કૂલ



**જીલ દાધનીયા**
ત્રિપદા હાઇસ્કૂલ

## મસ્કમેલન કુલ્ફી

**સામગ્રી**

- ૧ વાટકી શક્કરટેટી ના ટુકડા
- ૨ વાટકી દૂધ
- ૧-૨ ચમચી ખાંડ
- ડ્રાય ફ્રુટસ

**રીત :**

- મિક્ષર જારમાં શક્કરટેટીના ટુકડા અને ખાંડને એકસાથે પીસી લો. ત્યારબાદ તેમાં દૂધ ઉમેરી ફરી પાછુ પીસી લો. કુલ્ફીના મોલ્ડમાં નીચે ડ્રાય ફ્રુટસ નાખી શકો છો અથવા તો દળેલા મિશ્રણમાં ડ્રાય ફ્રુટસ ઉમેરી શકાય.
 ત્યારબાદ મોલ્ડમાં મિશ્રણને ભરી ફ્રીઝરમાં સેટ થવા મુકી દો. ચેક કરી લો કે તે બરાબર સેટ થઇ છે કે કેમ. તૈયાર છે ઉનાળામાં ઠંડક આપે તેવી કુલ્ફી.

મોલ્ડમાંથી બહાર કાઢી કુલ્ફીનો આનંદ માણી શકો છો.





## જો જો પાછા હસતા નહી

### ફરિયાદ

પત્ની પતિને હંમેશા ફરિયાદ કરતી હતી કે તમે મારા માટે કંઈ ભેટસોગાદ લાવતા નથી. કે મને ક્યારેય ફરવા લઈ જતા નથી. એક દિવસ પતિને થયું કે ખરેખર મારે એની માટે કંઈ લઈ જવું જોઈએ. એણે સાડી પેક કરાવી અને પત્ની પાસે જઈને કહ્યું : વ્હાલી, ચાલ આ સાડી પહેરી લે, આપણે આજે સાંજે ફરવા જઈએ
પત્ની : હાય.. હાય. આજે આ મુન્નો દાદરેથી પડી ગયો..બેબી દાઝી ગઈ..અને એ એટલું ઓછું હતું કે તમે પાછા આવું કહો છો ?

### નવલકથા

**પ્રકાશકઃ** તમારા માટે એક સારા સમાચાર છે અને બીજા માઠા સમાચાર છે.
**લેખકઃ** સારા સમાચાર પહેલા આપો.
**પ્રકાશકઃ** ગૌરીને તમારી નવલકથા ખૂબ ગમી છે અને એ આખી રીતસર એને પચાવી ગઈ છે.
**લેખકઃ** અને માઠા સમાચાર શું છે ?
**પ્રકાશકઃ** ગૌરી મારી ગાયનું નામ છે.

### બેરોજગારીનો અંત

**નેતાઃ** તું બેરોજગારીનો અંત આણીશ એમ કહે છે.
ઉમેદવારઃ હા, સર.
**નેતાઃ** એને માટે તે શું યોજના વિચારી છે ?
**ઉમેદવારઃ** પુરૂષોને હું એક ટાપુ પર મોકલીશ. સ્ત્રીઓને બીજા ટાપુ પર મોકલીશ.
**નેતાઃ** ત્યાં તેઓ શું કરશે ?
**ઉમેદવારઃ** બોટ બનાવશે.

શિક્ષા એ સૌથી શક્તિશાળી શસ્ત્ર છે જેનાથી દુનિયા ને બદલી શકાય છે.
**- નેલ્સન મંડેલા**

# ન્યૂઝ પેપર (છાપા)માંથી બનાવીએ ફૂલદાની



**સામગ્રી**

- જૂના ન્યૂઝ પેપર (છાપા)
- ફેવીકોલ
- પ્લાસ્ટીકની ફૂલદાની બને તેવી ખાલી બરણી
- પીંછી
- વોટર કલર







**બનાવવાની રીત :**


- જૂના ન્યૂઝ પેપરને દર્શાવ્યા પ્રમાણે વાળી લો. જે પ્રમાણે બરણી હોય તે પ્રમાણે અંદાજે આખી બરણી કવર થઈ જાય તેટલા ન્યૂઝ પેપર વાળી લો.
- ખાલી બરણી પર ફેવીકોલ લગાવો અને આખી બરણીને વાળેલા ન્યૂઝ પેપર લગાવી કવર કરી લો.
- ન્યૂઝ પેપર લગાવી દીધા બાદ તેના પર વોટર કલર કરી દો અને સૂકાવા દો.
- ફરી ન્યૂઝ પેપરને દર્શાવ્યા પ્રમાણે વાળો અને ગોળ ફૂલ જેવું બનાવો અને તેને અલગ અલગ બે કલર કરો.
- હવે તેને બરણીના મૂખ પાસે બહારની બહાર બાજુ ફરતે બે અલગ ફૂલથી આવરી લો.
- તૈયાર થઈ જશે તમારી સુંદર ફૂલદાની આ ફૂલદાનીમાં તમે કૃત્રિમ કે કુદરતી ફૂલો મૂકી આકર્ષક બનાવી શકો છો.

# બટનની ઢીંગલી



**સામગ્રી**

- રંગબેરંગી બટનો
- પતલો વાયર
- કાતર
- એક ગોળ સ્પંજ
- આંખો
- ગુંદર



**બનાવવાની રીત :**


- પતલા વાયરના ચાર સરખા કટકા કરી લો અને એક કટકો તે ચારથી મોટો રાખો.
- હવે વાયરના એક ટુકડાને યુ આકારમાં વાળી લો અને બટનના બે કાણા તેમાં નાખી બટનથી આખો વાયર ભરી દો અને આગળથી બે આંટી વાળી દો આમ ચારેચાર વાયર બનાવી દો અને પાંચમો વાયર પણ તે પ્રમાણે જ ભરી દો. તેને વાળવા માં ધ્યાન રાખો પાછળ વાયરનો ભાગ થોડો વધારે રાખી પછી વાળો.
- સૌથી મોટા વાયરનો જે ભાગ પાછળથી થોડી જગ્યા રાખેલી છે તેના પાછળના ભાગમાં જે સરખા ચાર ભાગના વાયર બનાવ્યા છે તેમાંથી બે ભાગને પગ બને એ રીતે લગાવો અને વધારાનો વાયર કાતરની મદદથી કાપી લો.
- આગળના ભાગમાં પણ પાંચ બટન છોડી બીજા બે વાયરના ભાગ આગળ હાથ બને એ રીતે લગાવો. હવે જે મોટા ભાગનો વાયર બહાર છે તેના પર ગોળ સ્પંજ લગાવો જે તેના માથા જેવું લાગશે. સ્પંજને બરાબર દબાવી ઉપરની બાજુ વાયર બહાર દેખાય તેમ કરો અને તેની ઉપર એક મોટું બટન લગાવી દો. હવે તેના પર ગુંદરની મદદથી આંખો લગાવી દો અને જુઓ સરસમજાની ઢીંગલી તૈયાર થઈ જશે.

# લખોટીમાંથી બનાવો નાના જીવજંતુ



**સામગ્રી**

- લખોટી
- ટીસ્યુ પેપરના નાના ટુકડાઓ
- પાણી
- ગુંદર
- કાતર
- પીંછી
- જીવજંતુની આંખ
- યુ પીન
- માર્કર કાળારંગની
- લાલ કલર
- એક બાઉલ



**બનાવવાની રીત :**

- સૌ પ્રથમ એક બાઉલમાં થોડા પાણીમાં પ્રમાણસર ગુંદર નાખી બરાબર હલાવી મીક્સ કરી લો. ત્યારબાદ લખોટી પર પીંછીની મદદથી તે ગુંદર લગાવો ત્યારબાદ લખોટી પર ટીસ્યુ પેપર લખોટી પૂરે પૂરી કવર થાય તે પ્રમાણે લગાવો.
- ત્યારબાદ લાલ યુ પીનને સીધી કરી લો અને તેને કાતરની મદદથી અડધી અડધી કરી લો. આગળનો ભાગ થોડો વાળેલો રાખો એવી રીતે છ નંગ તૈયાર કરો.
- ટીસ્યુ પેપર લગાવેલી લખોટી પર ગુંદરની મદદથી એક બાજુ પર ત્રણ અડધી વાળેલી યુપીન લગાવો અને તેવી જ રીતે બીજી બાજુ પણ ત્રણ લગાવો. હવે લખોટીને લાલ કલર કરો. હવે તે કરોળિયા જેવું દેખાવા લાગશે. કલર કર્યા બાદ માર્કરની મદદથી તેના પર કાળા ટપકા કરો. હવે તેના પર આંખો લગાવો.
- એક કાળા કલરની યુ પીનને લઈ તેને પણ અડધી કરી લો અને બે અડધા ભાગને આગળથી થોડું ગોળ વાળી લો. અને તેને આંખની ઉપરની બાજુએ લગાવી દો. એટલે તૈયાર થઈ જશે કરોળિયો.

**નોંધ :** આ જ પ્રમાણે તમે બીજા કરોળિયા, મધમાખી અને ઉડતું તીડ (હેલીકોપ્ટર) પણ બનાવી શકો છો.


# નકામી સી.ડી.માંથી બનાવો માછલી

**સામગ્રી**


- નક્કામી કે જૂની સી.ડી.
- માર્કર
- ગુંદર
- તૈયાર આંખો
- માછલીની પાંખો અને પૂંછડીના કાપેલા આકાર. અને મોંનો આકાર.

**બનાવવાની રીત :**

- સી.ડી. પર માર્કરની મદદથી અર્ધગોળાકારની ડિઝાઈન બનાવો.
- ત્યાર બાદ પૂંછડીના આકાર પર માર્કરથી પૂંછડીની ડીઝાઈન દોરો પાંખોમાં પણ તે જ પ્રમાણે ડિઝાઈન દોરો. મોં ના આકારને માર્કરથી ફક્ત આઉટલાઇન દોરો.
- હવે મોં ના આકારને ગુંદરની મદદથી સી.ડી. પરની ડિઝાઈન સીધી આવે ત્યાં લગાવો. તેની વિરુદ્ધ સાઈડમાં પૂંછડીના ભાગને લગાવો. બંને બાજુ સાઈડમાં તેની પાંખો પણ લગાવી દો.
- ત્યાર બાદ આંખો ગુંદરથી લગાવો. તૈયાર થઈ ગઈ તમારી માછલી.















# મોજાંની ઈયળ

**સામગ્રી**

- એક રંગબેરંગી પગનું મોજું
- રૂ
- રબરની રીંગ
- કાતર
- ગુંદર
- બે આંખો
- ઊનની એક દોરી



**બનાવવાની રીત :**

- મોજામાં એક સરખા પ્રમાણમાં રૂ લઈ તેના ગોળા જેવું બનાવી ૩ થી ૪ ગોળા મૂકો.
- રબરની એક રીંગથી મોજાનું મોં બંધ કરી દો. તેજ પ્રમાણે જેટલા ગોળા મૂક્યા છે ત્યાં ગેપ પર રબરની રીંગ લગાવી દો. ઓછામાં ઓછા ૪ રબર લાગશે.
- ઊનની દોરીને બે સરખા ભાગમાં કાપી લો. પછી તેને આંગળી પર ગોળી વાળે અને ઈયળના આગળના ભાગમાં મૂકો તે ઈયળનું એન્ટીના જેવું દેખાશે.
- બન્ને આંખો ને ગુંદરની મદદથી એન્ટીનાથી થોડા નીચેનાં ભાગમાં લગાવો.





# પ્લાસ્ટીકની બોટલમાંથી બનાવેલું કલર બોક્સ



**સામગ્રી**

- બે પ્લાસ્ટીકની સરખી બોટલો
- કાતર
- ચેઇન
- ગુંદર



**બનાવવાની રીત :**

- બંને બોટલોને દર્શાવ્યા પ્રમાણે કાતરથી કાપી લો. એક બોટલના મુખ પર ચેનને ગુંદરની મદદથી ચોંટાડી દો.
- ચેઇન ખુલી શકે છે તે જોઈ લો. ચેઇનને ખોલીને બોટલના બીજા ભાગને ગુંદરથી ચેઇનના બીજા ભાગ સાથે જોડો.
- થોડી વાર સૂકાવા દો. અને જોઈ લો કે સરળતાથી બંધ થાય છે કે કેમ પછી તેમાં તમે તમારી પેન કે કલર મૂકી બંધ કરી શકો છો. અને તેનો ઉપયોગ કંપાસ તરીકે પણ કરી શકો છો.

**નોંધઃ** પેન્સીલ કલર, ક્રેયોન, પેન જે પણ મૂકવું હોય તેની સાઈઝ (કદ) પ્રમાણે બોટલના ઉપર નીચેના ભાગ કાપી જુદા જુદા બોક્સ આ જ રીતે બનાવી શકાય છે.

# ગુજરાતમાં ફરવા લાયક ધાર્મિક સ્થળો

**ગુજરાત ભારતનું સૌથી વધુ વિકસિત રાજ્યોમાંનું એક રાજ્ય છે. આર્થિક વિકાસદરના કારણે પણ ગુજરાત ખૂબ જ પ્રચલિત રાજ્ય છે. ગુજરાત પોતાની સંસ્કૃતિને કારણે આખા ભારતમાં નહીં પરંતુ આખા વિશ્વમાં વિખ્યાત બન્યું છે. આવો જાણીએ કે ક્યા ક્યા સ્થળો છે, જે ગુજરાતને વિખ્યાત બનાવી રહ્યા છે અને તેમની શું વિશેષતાઓ છે જેનાથી વેકેશનમાં તમારે ફરવા જવું હોય તો પણ આ બધા સ્થળોની મુલાકાત લઈ તમે વેકેશનનો સદ્‌ઉપયોગ થોડી જાણકારી મેળવી શકો છો. ગુજરાત પોતાની ભાષા, ભોજન, હસ્તકળા, સાહિત્ય, તહેવારો, ધાર્મિક સ્થળો, નૃત્ય, રાષ્ટ્રીય ઉદ્યાનો અભ્યારણો અને પુરાતત્ત્વિક સ્થળો માટે આખા વિશ્વમાં ખૂબ જ પ્રચલિત બન્યું છે. ગુજરાતમાં જોવાલાયક સ્થળોમાં ધાર્મિક સ્થળો ખૂબ મોટા પ્રમાણમાં છે તેના પ્રમાણમાં પર્યટન સ્થળો ઓછા છે**

## ગઢડા



ગઢડા એ બોટાદ જિલ્લાનું નગર છે. સ્વામિનારાયણ ભગવાને ગઢડામાં પોતાના જીવનકાળ દરમિયાનનાં ૨૭ વર્ષ ગઢડામાં વિતાવ્યા હતા તેથી સ્વામિનારાયણ સંપ્રદાયના અનુયાયીઓ માટે આ સ્થાન મહત્ત્વનું તિર્થસ્થાન ગણવામાં આવે છે. ગઢડામાં આવેલું ગોપીનાથજી મંદિરનું નિર્માણ સ્વામિનારાયણ ભગવાને સ્વહસ્તે કર્યું હતું.

## અંબાજી



અંબાજીનું મંદિર ગુજરાતનું પ્રથમ ધાર્મિક સ્થળ તરીકે વિખ્યાત થયેલું છે. આ મંદિર અરવલ્લીના પહાડોની મધ્યમાં આવેલું છે. આરાસુર ડુંગર ઉપર મંદિર શોભાયમાન છે. આ મંદિરમાં કોઈ મૂર્તિની પૂજા નથી થતી પરંતુ એક યંત્ર કે જે વાસાયંત્ર તરીકે ઓળખાય છે. આ યંત્રની પૂજા કરવામાં આવે છે. અંબાજીથી ૨ કિ.મી. દૂર ગબ્બરના પહાડની ગુફામાં બિરાજમાન અંબામાતા એ જ તેમનું મુખ્ય સ્થાન મનાય છે. અહીં બારેમાસ ભાવિકભક્તોની ખૂબ મોટા પ્રમાણમાં ભીડ જોવા મળે છે.

## તુલસીશ્યામ

જૂનાગઢ જિલ્લાનાં ઊના શહેરથી આશરે ૨૯ કિ.મી. દૂર જંગલના માર્ગે આવેલું છે. આ સ્થળ જંગલ વિસ્તારમાં હોવાથી ખૂબ જ શાંતિપૂર્ણ અને કુદરતી સૌંદર્યથી ભરપૂર છે. ડુંગર પર આવેલું વિષ્ણું મંદિર અત્યંત સુંદર છે અને સાથે સાથે રૂકમણીજીનું મંદિર પણ છે. ૪૦૦ જેટલા પગથિયા ચડીને મંદિરે પહોંચી જવાય છે. મંદિરની સાથે ગરમ પાણીના કુંડ પણ બાંધવામાં આવ્યા છે.



## ડાકોર

ડાકોરમાં રણછોડરાયજીનું પ્રખ્યાત મંદિર આવેલું છે. દર પૂનમે અહીં મેળો ભરાય છે. ભક્તો ચાલતા પણ દર્શન કરવા આવે છે. ભગવાનને તેમની મનપસંદ વાનગીઓ ભોગમાં ચડાવવામાં આવે છે. આ મંદિર ગોમતી નદીના કિનારે આવેલું છે. અહીં જન્માષ્ટમી ખૂબ જ ધામધૂમથી અને આનંદ ઉલ્લાસથી ઉજવવામાં આવે છે.



## બહુચરાજી



મહેસાણા જિલ્લામાં આવેલું આ મંદિર બહુચરાજી અથવા બેચરાજી તરીકે ઓળખાય છે. અહીં આવેલું બહુચરાજીનું મંદિર ખૂબ વિખ્યાત છે. અહીં ચૈત્રી પૂનમનું ખૂબ મહત્ત્વ છે. અહીં ત્યારે મેળો ભરાય છે.

## પાલીતાણા



જૈનોના શાશ્વત તીર્થ તરીકે ખૂબ જ પ્રચલિત છે. આ સ્થળ શેત્રુંજી નદીના કિનારે આવેલું હોવાથી આ તીર્થને શેત્રુંજ્ય તીર્થ તરીકે પણ ઓળખવામાં આવે છે.

## અક્ષરધામ

ગાંધીનગરમાં સેક્ટર-૨૦માં આવેલું અક્ષરધામ ભારતમાં પ્રખ્યાત બનેલું મંદિર છે. આ મંદિર ગાંધીનગરનું મોટામાં મોટું મંદિર છે. આ મંદિરમાં સહજાનંદ સ્વામીની સ્થાપના કરવામાં આવી છે. મંદિરના મધ્યભાગમાં સ્વામિનારાયણ ભગવાનની સાત ફૂટ ઊંચી સુવર્ણમૂર્તિ છે. તેની સાથે સાથે બીજા પણ જોવાલાયક આકર્ષણો આવેલા છે. વોટર શો આ મંદિરનું મુખ્ય આકર્ષણ છે.



## ચોટીલા



પ્રાચીનમાં ચોટગઢ તરીકે ઓળખાતું સ્થળ આજે ચોટીલા તરીકે ઓળખાય છે. સૌરાષ્ટ્રના સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલું આ પ્રખ્યાત અને મહત્ત્વનું યાત્રાધામ છે. ચોટીલા તાલુકાનું મુખ્ય મથક પણ છે. ચોટીલાના ડુંગર પર ચામુંડા માતાનું મંદિર આવેલું છે. ભક્તો મોટી સંખ્યામાં દરરોજ અહીં આવતા હોય છે. ગુજરાતીના પ્રસિદ્ધ સાહિત્યકાર ઝવેરચંદ મેઘાણીનું જન્મસ્થળ પણ ચોટીલા છે.

## શામળાજી



વૈષ્ણવોનું આ ધાર્મિક સ્થળ મેશ્વો નદીના કિનારા પર આવેલું ખૂબ જ જાણીતું અને પ્રાચીન સ્થળ છે. આ મંદિર હિન્દુ સ્થાપત્યનો અતિ સુંદર નમૂનો છે. શામળાજીના મેળા તરીકે જાણીતો વિશાળ મેળો કારતક સુદ પૂનમે ભરાય છે.

## પાવાગઢ



પંચમહાલ જિલ્લામાં આવેલું એક અગત્યનું ધાર્મિક સ્થળ છે. અહીં મહાકાલી માતાનું મંદિર ખૂબ જ વિખ્યાત છે. આ યાત્રાસ્થળે વર્ષમાં લાખો શ્રદ્ધાળુઓ જોવા મળે છે. વર્ષમાં આવતી બે મોટી નવરાત્રિ ચૈત્રી નવરાત્રિ અને આસો નવરાત્રિમાં અહીં ભાવિ ભક્તોની ખૂબ જ ભીડ જોવા મળે છે.

## દ્વારકા

૬૦ થાંભલાઓ પર પાંચ માળનું અને સાથે સાથે સુંદર કોતરણીવાળું આ મંદિર દ્વારકા તાલુકામાં આવેલું વિખ્યાત યાત્રાધામ છે. દ્વારકાથી ૩૦ કિ.મી.ના અંતરે બેટ દ્વારકા આવેલું છે. મહાપ્રભુજીની બેઠક અને ભગવાન શ્રીકૃષ્ણની પટરાણીઓના મંદિર બેટદ્વારકામાં આવેલા છે. દ્વારકાથી બેટ દ્વારકા જવા માટે જળમાર્ગનો ઉપયોગ થાય છે.





## સોમનાથ

સૌરાષ્ટ્રના દરિયા કિનારે આવેલું આ સ્થળ શિવજીના ૧૨ જ્યોર્તિલિંગમાંનું એક છે. આ મંદિરનો વારંવાર વિનાશ કરવાનો પ્રયત્ન થયો અને આક્રમણો થયા પરંતુ તેટલી જ વાર તેનું ફરી બાંધકામ કરવામાં આવ્યું.

## ગિરનાર

જૂનાગઢ શહેરની ૫ કિ.મી. ઉત્તરની બાજુ એ આવેલ પર્વતોનો સમૂહ છે. ગિરનાર, જેમાં પાંચ ઊંચા શિખર જેવાં કે ગોરખ શિખર ૩૬૦૦, અંબાજી ૩૩૦૦, ગૌમુખી શિખર ૩૧૨૦, જૈન શિખર ૩૩૦૦ અને માળી પરબ ૧૮૦૦ની ઊંચાઈઓ ધરાવે છે. ગિરનાર ગુજરાતનો ઊંચામાં ઊંચો પર્વત છે. તેના પાંચ પર્વતોમાં કુલ ૮૬૬ જેટલા મંદિરો આવેલા છે. ગિરનાર તેની પરિક્રમાને લીધે ખૂબ જ જાણીતો છે જેમાં દર વર્ષે લાખો લોકો જોડાય છે. કહેવામાં આવે છે ગિરનાર ચડવાની હરીફાઈ પણ કરવામાં આવે છે. સામાન્ય માણસને ગિરનાર ચડીને ઉતરતા ૫ થી ૮ કલાક લાગે છે. જ્યારે સ્થાનિક લોકોનો દાવો છે કે અત્યાર સુધીમાં ઓછામાં ઓછો ૫૪ મિનિટનો સમય હરીફાઈ દરમ્યાન નોંધાયો છે.



# વેકેશનમાં ફરવા લાયક સ્થળો

**ભારતમાં કેટલીય એવી જગ્યાઓ છે જે ફરવા માટે ખાસ છે. બીચ, હિલ સ્ટેશન અને વાઈલ્ડ લાઈફ જેવી કેટલીય ફરવા લાયક જગ્યાઓ છે. જે પોતાની કુદરતી સૌંદર્ય, ઠંડી હવાઓ અને સાગરની લહેરોથી પ્રવાસીઓના પ્રવાસને યાદગાર બનાવી દે છે. જો તમે તમારા વેકેશનમાં ફરવા જવા માટે પ્લાનીંગ કરી રહ્યા છો તો ફરવા જવાની જગ્યાની પસંદગીમાં અમે તમારી મદદ કરી રહ્યા છીએ. આજે અમે તમને ભારતની ટૉપ ફરવાની જગ્યા વિશે જણાવીશું જ્યાં તમે તમારા બજેટમાં તમારા પરિવાર સાથે વેકેશનનો આનંદ માણી શકો છો.**

## કન્યાકુમારી



કન્યાકુમારી હિંદ મહાસાગર, બંગાળની ખાડી અને અરબ સાગરનો સંગમ છે. વિવિધ સમુદ્ર પોતાના વિવિધ રંગોથી અતિમનમોહક સુંદરતા પ્રસારે છે. દૂર દૂર સુધી ફેલાયેલી સમુદ્રની વિશાળ લહેરોની વચ્ચે અહીંના સૂર્યોદય અને સૂર્યાસ્તનું દ્રશ્ય ખૂબ જ આકર્ષક લાગે છે. સાથે જ સાંજના સમયમાં સુગંધી ફૂલોથી વાતાવરણ સુગંધિત બની જાય છે. કન્યાકુમારી પ્રવાસ સ્થળની સાથે સાથે દર્શનીય સ્થળ પણ છે.

## લક્ષદ્વીપ



અરબ સાગરમાં સ્થિત નાના દ્વીપ પોતાની સુંદરતામાં અદ્ભૂત અને આકર્ષક છે. આ જગ્યાને વોટર સ્પોર્ટ માટે એક સર્વશ્રેષ્ઠ જગ્યા માનવામાં આવે છે. અહીંના દ્વીપ પ્રવાસીઓને પોતાની તરફ આકર્ષે છે. લક્ષદ્વીપમાં બનેલા રિસોર્ટ તમારા પ્રવાસને વધુ બહેતર બનાવે છે.

## અંદમાન નિકોબાર



અંદમાન નિકોબારને ગાર્ડન ઓફ ઇડેન પણ કહેવામાં આવે છે. નારિયેળની ઘટાદાર છાયા, ઘનઘોર જંગલો, અસંખ્ય પ્રજાતિઓના ફૂલ અને પક્ષીઓ, તાજી હવા આ બધુ જ પ્રકૃતિ પ્રેમીઓને પોતાની તરફ આકર્ષિત કરે છે. અહીં તમે સ્કૂબા ડાઇવિંગ જેવી રોમાંચક રમતોનો પણ આનંદ માણી શકો છો.

## પુદુચ્ચેરી



પુદુચ્ચેરીના સાગર તટ પર પ્રવાસીઓ થોડો બહેતરીન સમય પરિવાર સાથે પસાર કરી શકે છે. પેરાડાઇઝ બીચની એક તરફ નાનકડી ખાડી છે. અહીં માત્ર હોડી દ્વારા જ જઈ શકાય છે. હોડી પર જતી વખતે પાણીમાં ડોલ્ફિનની રમતો જોવી એ પોતાનામાં જ એક અતિસુખદ અનુભવ છે.

## ગોવા

ગોવા એક એવી જગ્યા છે જ્યાં તમે તમારા પ્રવાસનો ભરપૂર આનંદ માણી શકો છો. આ સ્થાન પોતાનામાં અતિ મનમોહક છે. પાટનગર પણજીની નજીક મરીના બીચ છે જ્યાં સાંજના સમયમાં સૂર્યાસ્તનો દ્રશ્ય ખૂબ જ શાંતિભર્યો લાગે છે. જ્યારે રાતના ખુલ્લા આકાશની નીચે બીચના કિનારે પોતાના પરિવાર સાથે ગાળેલો સમય યાદગાર હશે. દોના પાઉલા, કલગૂંટ, અંજુના અને બાગાના સિવાય અનેક કેટલાય બીચોની સુંદરતા જોવા લાયક છે. મડગાંવ અને વાસ્કો-દ-ગામા મુખ્ય સ્ટેશન છે.

## દાર્જિલિંગ



ક્વીન ઓફ હિલ્સના નામથી પ્રસિદ્ધ દાર્જિલિંગ કાયમથી જ એક સરસ ફરવાલાયક સ્થળ રહ્યું છે. ઉનાળામાં પ્રવાસીઓ સામાન્યપણે ઠંડી જગ્યાઓની પસંદગી કરતાં હોય છે. અહીં બરફથી ઢંકાયેલી કંચનજંગાના શિખરો અને કુદરતી દ્રશ્યોથી ભરપૂર સુંદર પર્વતો મસ્તી અને મજામાં વધારો કરી દે છે. ટોય ટ્રેનમાં તમે પર્વતો અને ઘાટીઓની વચ્ચે કુદરતના સૌંદર્યને માણતા આનંદદાયક મુસાફરી કરી શકો છો. ચાના બગીચા અને દેવદારના જંગલના અતિ સુંદર દ્રશ્યો નિહાળી શકાય છે.


## મનાલી




મનાલીના પહાડો પ્રવાસીઓની સૌથી પસંદગીની જગ્યાઓમાંથી એક છે. મનાલી કુલ્લુ ખીણના ઉત્તરમાં સ્થિત હિમાચલ પ્રદેશનું ખૂબ જ લોકપ્રિય હિલ સ્ટેશન છે. અહીં તમને જંગલોથી ઘેરાયેલી મનાલી ખીણમાં પક્ષીઓનો કલરવ સાંભળવા મળશે. સાથે જ ઘોધ અને ફળોથી લાગેલા બગીચા પ્રવાસીઓને પોતાની તરફ આકર્ષિત કરે છે. પ્રકૃતિએ મનાલીને સદાબહાર સુંદરતાથી અભિભૂત કર્યુ છે. અહીં દરેક મોસમમાં એકસરખું જ વાતાવરણ મળશે. મનાલીનું હિડિંબા મંદિર પોતાના ચાર માળના પેગોડા અને લાકડાંની નક્કશી કામ માટે પ્રખ્યાત છે. સોલંગ ખીણમાં હેંડ ગ્લાઇડિંગના રોમાચંની મજા માણી શકાય છે.




## આપેલા ચિત્રમાં દર્શાવ્યા પ્રમાણે ક્રમશઃ કયું ચિત્ર આવશે તે કાપીને બોક્સમાં લગાવો



## ઘેટાંને તેના ઘર સુધી પહોંચવામાં મદદ કરો!




## સરખા દેખાતા બે ચિત્રમાંથી ૭ તફાવત શોધો




## યોગ્ય ચિત્રને તેની સામે આપેલા ચિત્ર સાથે જોડો



## આપેલા આકારને કટ કરી યોગ્ય સ્થાને ચોંટાડો



## ચાલો ચકલી દોરતા શીખીએ





| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| મ | ઈ | ફ | તે | પૂ | ર | સિ | ક્રી | કો | એ |
| હા | કુ | લો | પ | ટ | ળા | ડો | ટીં | ણા | લી |
| બ | ટી | કો | રા | રો | ફી | જો | ઓ | ક | ફં |
| ટે | બ | ના | ની | કે | જા | ફા | ચ | નું | ટા |
| પુ | મિ | મ | લા | રી | ગુ | બૂ | સ | ધી | ની |
| ર | ડી | રા | રે | ની | ર | ફા | ર | ર્ય | દૂ |
| મ | ર | મો | કા | ત | પુ | ડી | ઓ | કા | ફા |
| યી | શે | જં | તા | જ | મ | હે | લ | દિ | ઓ |
| તુ | રિ | યા | વા | ના | દે | ગ | ળો | ડા | ભીં |
| ખ | જુ | ક્ષ | ઓ | ના | મં | દિ | ળા | કે | મ્પી |
| બિ | બૃ | દ્રા | દે | શ | વ | ર | મં | દિ | ર |


## નીચે આપેલા ઉનાળામાં વપરાતા ફળો અને શાકભાજીના નામ શોધો

| | |
|---|---|
| ૧. કેરી | ૧. ભીંડા |
| ૨. દ્રાક્ષ | ૨. ગલકા |
| ૩. તરબૂચ | ૩. ટીંડોળા |
| ૪. ટેટી | ૪. દૂધી |
| ૫. કેળા | ૫. કારેલા |
| ૬. શેરડી | ૬. તુરીયા |

## ગણતરી કરી સંખ્યા લખો



## છોડના ઉછેર માટે કયુ તત્વ ઉપયોગી છે તે ના ફરતે ગોળ કરો





ખાતર


સૂર્યપ્રકાશ


હથોડી



વરસાદ


## ગણતરી કરી તેની યોગ્ય સંખ્યા સાથે જોડો.




1 2 3 4 5 6 7 8 9

## નીચે દર્શાવેલા પ્રાણીઓને તેના ઘર સાથે લાઇન કરી જોડો





## નીચે દર્શાવેલા નામને મધમાખીમા આવતા યોગ્ય સ્થાને લખો



પાંખ, પગ, ડંખ, મૂંછ, પરાગ


# મહત્ત્વની ૧૦ પ્રોગ્રામિંગ લેંગ્વેજ અને તેમના શોધકો

## 1. Java-James Gosling



જાવા સૌથી લોકપ્રિય અને સફળ પ્રોગ્રામિંગ ભાષા છે. ડૉ. જેમ્સ આર્થર ગોસ્લીંગ દ્વારા જાવાની શોધ કરવામાં આવે છે અને શ્રેષ્ઠ જાવા પ્રોગ્રામીંગ ભાષાના પિતા તરીકે ઓળખાય છે. જાવાનો વિકાસ પહેલા સન માઈક્રોસિસ્ટમ અને ત્યારબાદ ઓરેકલ દ્વારા કરવામાં આવ્યો હતો, જાન્યુઆરી ૨૦૧૦ના રોજ માઈક્રોસિસ્ટમ તેમના હસ્તાંતરણ કર્યા બાદ જાવા મિશન WORA (Write Once Run Anywhere) એકવાર લખો ગમે ત્યાં ચલાવો સાથે બનાવવામાં આવે છે, અને જાવાની સૌથી મોટી સફળતા એ પ્લેટફોર્મ સ્વતંત્રતાનો મુખ્ય આધારસ્તંભ છે જેથી જાવા એ આજ સુધીની સૌથી લોકપ્રિય એપ્લિકેશન પ્રોગ્રામિંગ ભાષા છે.

## 2. C-Dennis Ritchie




ડેનિસ રિચી, એક અમેરિકન કમ્પ્યૂટર વિજ્ઞાની, AT&T બેલ લેબ્સ ખાતે ૧૯૬૭ અને ૧૯૭૩ વચ્ચે સી પ્રોગ્રામિંગ ભાષા બનાવી છે. સી પણ ખૂબ લોકપ્રિય અને સિસ્ટમના પ્રોગ્રામિંગમાં વ્યાપક ઉપયોગ થાય છે. સી પ્રોગ્રામિંગ ભાષાએ જાવા કરતાં પણ જૂની છે, પરંતુ હજુ પણ સીપ્રોગ્રામિંગ ભાષા મહત્ત્વ જાળવી રાખે છે. સી પ્રોગ્રામિંગ દ્વારા ડેનિસ રિચી પણ તેના લાંબા સમયના સાથીદાર કેન થોમ્પસન સાથે વિશ્વના વિખ્યાત UNIX ઓપરેટિંગ સિસ્ટમનું સર્જન કર્યું છે. તમે બિલ ગેટ્સ અને સ્ટીવ જોબ્સ સાથે તેમની લોકપ્રિયતાની તુલના કરતા હોય તો સોફ્ટવેર ક્ષેત્રે વિશ્વમાં ડેનિસના યોગદાનની સરખામણીમાં કોઈ આવી શકે તેમ નથી.



હર્ષ સોની
શિક્ષક, મોડાસા

## 3. C++ - BjarneStroustrup



BjarneStroustrup; તેમનો જન્મ ૩૦ ડિસેમ્બર ૧૯૫૦ના રોજ આર્હુસ ડેનમાર્કમાં થયો હતો. તેઓ કમ્પ્યૂટરના ખ્યાતનામ વૈજ્ઞાનિક હતા. તેઓએ **C++** પ્રોગ્રામીંગ ભાષાના સર્જન અને ઉપયોગમાં વિકાસ માટે સૌથી વધુ નોંધપાત્ર યોગદાન આપેલું છે. જ્યારે **Programming Language C** વિખ્યાત હતી તે જ સમયે નવી દિશા સાથે **C++ Language**ની શોધ કરવામાં આવેલી. **C++ Language** એ **C Language**ની માળખાકીય દ્રષ્ટીએ **C++** ને **Object Orineted Programming** (કેન્દ્રીત પ્રોગ્રામિંગ)ની લાક્ષણિકતા ધરાવે છે, જેના કારણે **C++** ખૂબ જ લોકપ્રિય ભાષા બની ગઈ છે. **C++** મુખ્ય સિસ્ટમ અને કેન્દ્રીત પ્રોગ્રામિંગ લક્ષણના કારણે સૌથી વધુ આજના વિશ્વમાં વ્યાપક ઉપયોગ શક્ય બન્યો છે.

## 4. Python – Guido van Rossum



પાયથોન નો સામાન્ય હેતુ, હાઈ લેવલ પ્રોગ્રામીંગ ભાષા, જેની ડિઝાઇન ફિલસૂફી કોડ વાંચનક્ષમતા પર ભાર મૂકે છે. તેની વાક્યરચના સ્પષ્ટ હોવાનું કહેવાય છે. યુનાઈટેડ સ્ટેટ્સમાં, શૈક્ષણિક સ્તરે જાવાની જગ્યાએ પાઈથોન ભાષાએ લઈ લીધું છે હવે આ દિવસમાં વિદ્યાર્થીઓ જાવા પ્રોગ્રામિંગને બદલે પાયથોન ભાષાનો ઉપયોગ કરી રહ્યા છો. પાયથોન અને જાવા બંનેમાંથી કઈ ભાષા પસંદ કરવી તેના માટે તમે નક્કી ના કરી શકો, તો ઈન્ફોગ્રાફિક તમને મદદ કરી શકે છે. પાયથોન વેબ વિકસીત એપ્લિકેશનનો વ્યાપક ઉપયોગ થાય છે, તમને પાયથોન આધારિત વેબ ઘણા માળખા, સોફ્ટવેર ડેવલોપમેન્ટ અને માહિતી સુરક્ષા વગેરે પણ મળી શકશે. પાયથોનો ગૂગલ, યાહૂ અને Spotify જેવી ટેક જાયન્ટ્સ દ્વારા વ્યાપક ઉપયોગ કરવામાં આવે છે.

## 5. PHP – RasmusLerdorf




PHP (Hypertext Preprocessor / Personal Home Page), ઈન્ટરનેટના અડધા વિસ્તારમાં ઈન્ટરનેટની આ ભાષા પર ચાલી રહ્યું છે. PHP મૂળે ૧૯૯૫ RasmusLerodrf દ્વારા બનાવવામાં આવી હતી. PHP મુખ્ય અમલ PHP ગ્રુપ દ્વારા ઉત્પાદિત કરવામાં આવેલ છે અને PHP ભાષા ઔપચારિક સંદર્ભ તરીકે સેવા આપે છે. PHP એ માઇક્રોસોફ્ટ એક્ટિવ સર્વર પેજીસ (એએસપી), સર્વર બાજુ સ્ક્રિપ્ટ એન્જિન અને જાવા સર્વર પેજીસ (JSP) જેવી ભાષાઓ માટે સૌથી મોટી હરીફ ભાષા છે. પરંતુ ધીમે ધીમે સારી સ્વીકૃતિ પ્રાપ્ત થઈ છે અને હવે PHP2O મિલિયન કરતા વધુ વેબ સાઇટ્સ અને ૧ મિલિયન વેબ સર્વર પર સ્થાપિત થયેલ છે. તે પણ ઓપન સોર્સ અને ફેસબુક, વિકિપીડિયા, વર્ડપ્રેસ અને ઝૂમલાજેવા ઈન્ટરનેટ વેબસાઇટ દ્વારા વપરાય છે. PHP વ્યાપક ગતિશીલ, વેબપેજ, વેબસાઈટ અને સર્વર બાજુ વિકાસ માટે વપરાય છે.

## 6. Perl – Larry Wall



પર્લ એક ઉચ્ચ સ્તર, સામાન્ય હેતુ, અર્થઘટન, ગતિશીલ પ્રોગ્રામિંગ ભાષા છે. પર્લની ડિઝાઈન અને તેની ઉત્પત્તિ-વિકાસ ૧૯૮૦માં લેરી વોલ દ્વારા કરવામાં આવ્યો છે. પર્લ ભાષા એ તેની ઉત્કૃષ્ટ લખાણ પ્રક્રિયા અને ઉચ્ચ ક્ષમતાને કારણે ખ્યાતિ પામે છે. તે હજુ મુખ્ય રીપોર્ટ, UNIX સિસ્ટમો પર સ્ક્રિપ્ટો વિકસાવવા માટેની ભાષા છે. પર્લ વિશ્લેષિત અને મોટા લખાણની ફાઈલો અને પ્રક્રિયા માટે જાણીતી ભાષા છે. CGI, ડેટાબેઝ એપ્લીકેશન્સ નેટવર્ક પ્રોગ્રામીંગ અને ગ્રાફિક્સ પ્રોગ્રામિંગ સૌથી વધુ વપરાય છે. પર્લ પણ આઈએમડીબી, એમેઝોન, અને Priceline જેમ ઈન્ટરનેટ કંપનીઓ દ્વારા વ્યાપકપણે ઉપયોગ થાય છે. જાવાના વિકાસ માટે, પોર્ટફોલિયોમાં પર્લ અથવા પાયથોન ઉમેરીને, તેમાં વારંવાર જાળવણી અને આધાર હેતુ માટે, કાર્યો કરવા માટે સ્ક્રિપ્ટીંગ ભાષામાં જરૂરી વિકાસ કરીને તેને વિકસિત કરી શકાય છે.

## 7. JavaScirpt – Brendan Eich



જો તમે મને પૂછો, કે જે ભાષા છેલ્લા ૫ થી ૧૦ વર્ષોમાં સૌથી વધુ પ્રચલિત સ્ક્રિપ્ટીંગ ભાષા કઈ છે તો જાવાસ્ક્રિપ્ટ કહેવું જરૂરી છે. તે સ્પષ્ટ છે કે JQUERY જેવી સ્ક્રિપ્ટીંગ એ ક્લાયન્ટ બાજુ પ્રભુત્વ ધરાવતી ભાષા હતી. પરંતુ હવે જાવાસ્ક્રિપ્ટ એ સર્વર બાજુ પણ સૌથી વધુ કાર્યક્ષમતા છે. જાવાસ્ક્રિપ્ટ પ્રોટોટાઇમ આધારિત સ્ક્રિપ્ટીંગ લેન્ગ્વેજ છે, ગતિશીલ છે. અને જાવા સ્ક્રિપ્ટને બ્રેન્ડન ઈંચ દ્વારા ડિઝાઇન અને નેટસ્કેપ કમ્યુનિકેશન કોર્પોરેશન દ્વારા વિકસાવવામાં આવે છે. જાવાસ્ક્રિપ્ટ ફલાઈન્ટ બાજુ સ્ક્રિપ્ટીંગ, વેલીડેશન, એનિમેશન, ઈવેન્ટ કેપ્ચરીંગ, ફોર્મ સબમિશન અને અન્ય સામાન્ય કાર્ય માટે વ્યાકપણે ઉપયોગમાં લેવામાં આવે છે. તે બ્રાઉઝર અંદર ચાલે છે અને લગભગ તમામ વેબસાઈટ્સ દ્વારા ઉપયોગમાં લેવામાં આવે છે દા.ત. Gmail, Mozila, Firefox વગેરે.

## 8. Ruby- Yukihiro Matsumoto



રૂબીની પ્રથમ ડિઝાઇન જાપાનમાં Yukihiro "Matz" માત્સુમોટો દ્વારા ૧૯૯૦માં વિકસાવવામાં આવી હતી. રૂબી સાથે કામ કરવું એ સૌથી વધુ રોમાંચક છે, રૂબી પર્લ, એડા, લિસ્પ અને Smalltalk દ્વારા પ્રભાવિત અને ઉત્પાદક તથા આનંદપ્રદ પ્રોગ્રામિંગ માટે રચાયેલ છે. રૂબી મોટે ભાગે વેબ એપ્લિકેશના વિકાસ માટે ઉપયોગમાં લેવાય છે અને ટ્વિટર Hulu અને Groupon જેવી મુખ્ય સાઇટ્સ દ્વારા વપરાય છે.

## 9. Lips-John McCarthy



જહોન મેકકાર્થી, બીજી સૌથી જૂની હાઇ લેવલ પ્રોગ્રામીંગ ભાષા છે. LISP નું પૂરું નામ List Processor છે. LISP ને ફંકશન પ્રોગ્રામિંગ ભાષાના પિતા ગણવામાં આવે છે. દા.ત. ફંકશન પ્રોગ્રામિંગ ભાષા જેવી કે Haskell, Erlang or Scala તે AL વિકાસ અને હવા સંરક્ષણ સિસ્ટમ માટે વપરાય છે.

## 10 Pascal- Niklaus Wirth

પાસ્કલ એક પ્રભાવશાળી હિતાવહ અને પ્રોસિઝરલ આધારિત પ્રોગ્રામિંગ ભાષા, ૧૯૬૮-૧૯૬૯માં ડિઝાઇન કરવામાં આવેલ અને Niklaus Wirth દ્વારા ૧૯૭૦માં પ્રકાશિત કરવામાં આવેલ ભાષા છે. સારા પ્રોગ્રામિંગ પદ્ધતિઓનો ઉપયોગ કરી સંગઠિત પ્રોગ્રામિંગ અને ડેટા તેમજ સ્ટ્રકચર, ઈન્ફોગ્રાફિક વગેરેના પ્રોત્સાહિત કરવા માટે બનાવાયેલ નાના અને કાર્યક્ષમ ભાષા તરીકે ઓળખાતી ભાષા છે. આ ભાષા આપણને ૧૦ પ્રોગ્રામિંગ ભાષા અને તેમના સર્જકોનું સરસ વિહંગાવલોકન ઉપયોગ કરવાની પદ્ધતિ આપે છે. પાસ્કલ એ અહીં Fortan, ADA વગેરે ભાષા તેમજ તેનાથી પણ વધુ પ્રોગ્રામિંગ ભાષા વાપરવાની પરવાનગી આપે છે.




RNI REGN.NO. GUJGUJ/2015/64872 Published by Archit Bhatt, Managing Editor and Printed by him at Bhavik Publication Pvt. Ltd., Plot No. 36/2, Opp. Umiya Campus, Near Silver Oak Club, S. G. Highway, Gota, Ahmedabad 382 481.
All articles have been selected and scrutinized by Sub editor Ms. Jyoti Parmar. The Open Page: 4th Floor, Vishwa Arcade, Nr. Akhbarnagar, Opp. Kum-kum Party Plot, Nirnaynagar, Ahmedabad. Ph. No. 079-27621385, 27621386